




## સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા મોડાસામાં આધ્યાત્મિક ચેતનાયાત્રા યોજાઈ

પરમ સંત રાજીન્દરસિંહજી મહારાજના ગુજરાતમાં આગમનની તૈયારીઓના ભાગરૂપે મોડાસામાં સત્સંગી ભાઈ-બહેનો દ્વારા આધ્યાત્મિક ચેતનાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. સાવનકૃપાલ રૂહાની મિશનના ઝોન ઈન્ચાર્જ લલીત કનોજીયાની આગેવાનીમાં યોજાયેલી ચેતના યાત્રામાં મોડાસા શહેર ઉપરાંત મેઘરજ, બાંઠીવાડા, ગાજણ, ડીટવાસ સહીતના સ્થળો પરથી પાંચ હજાર કરતાં વધારે સત્સંગી ભાઈ બહેનો જોડાયા હતા. મોડાસાના ગાજણ ટોલનાકા પાસે આવેલા સંત રાજીન્દરસિંહજી આશ્રમથી નિકળેલી ચેતનાયાત્રા માલપુર રોડ થઈને મેઘરજ રોડ સહીતના વિસ્તારોમાં ફરી હતી. માનવ તું માનવને ઓળખના સુત્રોચ્ચાર સાથે સત્સંગીભાઈ બહેનોના અવાજથી વાતાવરણ ગુરૂમય બની ગયુ હતું. સંત રાજીન્દરસિંહજી મહારાજ આગામી ૨૨ ઓકટોમ્બરના રોજ મોડાસાના ગાજણ ટોલનાકા પાસે આવેલા આશ્રમ ખાતે પધારનાર છે. તેમની દિવ્યસત્સંગ વાણીનો લાભ લેવા માટે ગુજરાત શહીત દેશના વિવિધ રાજયો ઉપરાંત વિદેશમાંથી પણ સત્સંગીઓનો મેળાવડો મોડાસામાં જામવાનો છે. અહી અંદાજે એક લાખ કરતાં વધુ સત્સંગીઓઓ સંત રાજીન્દરસિંહજી મહારાજના દર્શને ઉમટે તેવી શકયતા છે. તે માટેની તમામ તૈયારીઓ પર પુર્ણ કરી દેવામાં આવી છે. સાવનકૃપાલ રૂહાની મિશન એક આધ્યાત્મિક સંસ્થા છે. અને સંતશ્રી રાજીન્દરસિંહજી મહારાજ તેના અધ્યક્ષ છે. જેઓ વિશ્વભરમાં માનવકલ્યાણનું કામ કરે છે. સાવનકૃપાલ રૂહાની મિશન વિશ્વના પચાસ દેશોમાં ત્રણ હજાર કરતાં વધારે સેન્ટર ધરાવે છે. મિશનનો મુખ્ય હેતું માનવજીવનને સમજવાનો અને આત્માનો અનુભવ કરી આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવવાનો છે. સાવનકૃપાલ રૂહાની મિશન સતત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં માનવકલ્યાણ અને સેવાનું કાર્ય સતત કરતું રહે છે. અમરેલીમાં પુરપીડીતો હોય કે બનાસકાંઠાના પુરમાં બરબાદ થયેલા ખેડૂતો તમામની મુસીબત સમયે તેમને મદદ પહોચાડીને સાવનકૃપાલ રૂહાની મિશને ઉમદા સેવાનું કાર્ય પુરૂ પાડયુ છે.

# અરવલ્લી જિલ્લા પોલીસતંત્રે પરપ્રાંતિયો સાથે બેઠક યોજી

મોડાસા, તા. ૧૦

સાબરકાંઠા જીલ્લાના ઢુંઢર ગામે સીરામીક ફેકટરીમાં કામ કરતા પર પ્રાંતીય નરાધમે ૧૪ મહિનાની બાળકી પર દુષ્કર્મ આચરતા આરોપીને ફાંસીના માંચડે લટકવાની માંગણી સાથે રાજયમાં ઠેર-ઠેર પરપ્રાંતીયો પર હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે અને અનેક પરપ્રાંતીયો ગુજરાતમાંથી હિજરત કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં વસવાટ કરતા ૮૦ પર પ્રાંતિયો ડરના માર્યા વતનની વાટ પકડી લીધી છે. ત્યારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ધંધા-રોજગારના સ્થળે અને રહેણાંક વિસ્તારોમાં રહેતા પર પ્રાંતીયોને જીલ્લા પોલીસતંત્ર દ્વારા સઘન સુરક્ષા પુરી પાડવાની સાથે સતત પેટ્રોલિંગ હાથ ધરી પરપ્રાંતીયો લોકો અને શ્રમિકોની મુલાકાત કરી કોઈપણ પ્રકારની અસલામતી ન અનુભવવા જણાવ્યું હતું. તેમજ પોલીસ તેમની સાથે હોવાનો સધિયારો પણ આપ્યો હતો અને સ્થળાંતર ના કરવા આત્મવિશ્વાસ આપવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટિલના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્રના અધિકારીઓ અને પોલીસસ્ટાફ દ્વારા પરપ્રાંતીય પરિવારો અને શ્રમિકોની સ્થળ પર મુલાકાત કરી સ્થળાંતર ન કરવા પરપ્રાંતીય પરિવારો અને ધંધાર્થીઓ સલામતી પુરી પાડવાની સાથે શાંતિ જાળવવા અને કોઈપણ તકલીફ જણાય તો પોલીસને જાણ કરવા સમજાવવામાં આવ્યા હતા અને શ્રમિકોને તેમના રહેઠાણના સ્થળે બેઠક યોજવામાં આવી હતી. પરપ્રાંતીય પરિવારો અને શ્રમિકો દ્વારા જીલ્લા પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી.



# અંબાજી મંદિરમાં ઝવેરા આરતી

શક્તિપીઠ અંબાજી માં આસો નવરાત્રીના બીજા નોરતાથી આઠમ સુધી રોજ સવારે ૨ આરતી કરવામાં આવે છે જેમાં એક આરતી ગર્ભગૃહમા અને બીજી આરતી માતાજીના વાઘ પાસે ઝવેરાની કરવામાં આવે છે અને આ બંને આરતી અલગ અલગ મહારાજ દ્વારા ઉતારવામાં આવે છે.



## બ્રહ્માકુમારીના વિશ્વ શિખર મહાસંમેલન જીઈબી કર્મચારી મંડળી દ્વારા સન્માન

આબુ તળેટી ખાતે બ્રહ્માકુમારી વિદ્યાલય સ્થિત શાંતિભવન ખાતે આયોજીત વૈશ્વિક શિખર સંમેલનમાં ડીસા જીઈબી કર્મચારી ધિરાણ મંડળીના પ્રમુખ બળદેવભાઈ રાયકા, સભ્ય મહેશ મનવર, શશીકાન્ત ત્રિવેદી જોડાયા હતા. વૈશ્વિક આર્ટ ગેલેરી વિજ્ઞાન પર્યાવરણ આધ્યાત્મિક મેળામાં ભાગ લઈ પર્યાવરણ શુદ્ધિ માટેના વિશાળ સ્ટેચ્યુ પરથી પ્રેરણા લીધી હતી. આ પ્રસંગે મંડળીના અન્ય સદસ્યો પણ જોડાયા હતા. મંડળીના પ્રમુખ બળદેવ રાયકા સહીત સદસ્યોએ બ્રહ્માકુમારીના એક્ઝીક્યુટીવ સેક્રેટરી બ્રહ્મકુમાર મૃત્યુજયભાઈને મોમેન્ટો અને રાજયોગીજી જાનકીજી (ઈન્ડોનેશિયા)નું શાલથી સ્વાગત કર્યુ હતુ. ટીમે શાંતિવનની પણ મુલાકાત લીધી હતી.

# તત્વ કોલેજમાં સેમીનાર યોજાયો

મોડાસા, તા. ૧૦

મોડાસાની તત્વ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી સ્ટડીઝ, ખાતે સ્વ.



૮-૧૦-૨૦૧૮ના રોજ 'ઓવરસીસ એમ્પલોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફોરમેશન વિષય પર જિલ્લા રોજગાર કચેરી, મોડાસા તથા તત્વ એન્જીનીયરીંગ કોલેજના સંયુક્ત ઉપક્રમે સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં નેશનલ કેરીયર કાઉન્સીલર વિશ્વાસનાથ, જિલ્લા કેરીયર કાઉન્સીલર વસીમ પઠાણ, નીરવ સોની તથા સંસ્થાના આચાર્ય ડૉ. મોહીત બી. દિવાન, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠાની ઓપન એજ ગ્રૃપ કબડ્ડી સ્પર્ધામાં તલોદ (રૂપાલ)ની ટીમ વિજયી બની

સાબરકાંઠા જિલ્લાના તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પટાંગણમાં યોજાયેલી 'ઓપન એજ ગૃપ' કબડ્ડી સ્પર્ધામાં ઈડરની ટીમને ભારે પરાજય આપી તલોદ )રૂપાલ)ની ટીમ વિજયી ઘોષિત થઈ હતી. વિજેતા બનેલી આ તલોદની ટીમ આગામી દિવસોમાં અમદાવાદ ખાતે યોજાનાર રાજયકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેવા જશે. તલોદ કોલેજના પટાંગણમાં યોજાઈ ગયેલી જિલ્લાકક્ષાની આ કબડ્ડી સ્પર્ધામાં ૮ તાલુકાની ૧૬ ટીમ વચ્ચે મુકાબલો થયો હતો. ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત યોજાયેલી આ ઓપન એજ ગૃપની કબડ્ડી સ્પર્ધાના વિજયી ટીમના એક એવા ખેલાડી અરવિંદ કેસરીયા (રાજ પુરોહિત)એ જણાવ્યા અનુસાર યોજાયેલ કબડ્ડી સ્પર્ધામાં જંગ કશ્મકશભર્યો બન્યો હતો.



## પ્રાંતિજના વદરાડ ખાતે ઈકોચાલકે સામેથી આવીને એકટીવા ચાલકને ટક્કર મારતાં ચાલક પાંચ ફુટ ઉછળીને ખેતરમાં પડયો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ખાતે ઈકો ચાલકે ફુલફાસ્ટ હંકારી લાવી સામેથી ટક્કર મારતાં એકટીવા ચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું.

પ્રાંતિજના વદરાડ ગામના સ્ટેશન પાસે એકટીવા ઉપર જઈ રહેલ રાજેશકુમાર મીઠાભાઈ શાહ ઉ.વર્ષ આશરે ૪૫ કે જેવો પોતાનું એકટીવા જીજે.૦૯.૪૮૩૮ ઉપર રોડની સાઈડમાં જઈ રહ્યાં હતાં તે દરમ્યાન ઈકો ચાલક નંબર-જીજે.૦૯.૧૩૧૪નો ચાલક પોતાનાં કબજાની ઈકો ફુલ ફાસ્ટ હંકારી લાવી રોડની સાઈડમા રોંગ આવી સામેથી એકટીવાચાલક રાજેશકુમાર મીઠાભાઈ શાહને ટકકર મારી તેવોને પાંચ ફૂટ ઉછાડતા બાજુમાં આવેલ ડાંગરના પાકમાં પછડાયા હતા. એકટીવાનો કુચડો થઈ ગયો હતો. રાજેશભાઈને માથાના તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેવોનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ગામમાંથી તથા આજુબાજુમાથી લોકો દોડી આવ્યાં હતાં. અકસ્માતમાં મોત થયેલ મૃતક રાજેશભાઈ શાહને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યાં હતાં તો મૃતક ને ત્રણ દિકરીઓ તથા એક પુત્ર છે અને પરિવારમાં તેવો પોતે એકલા જ કમાતા હતાં તો વાયુવેગે તેમના મોતના સમાચાર પ્રસરી જતાં પરિવારના સભ્યો સહિત સગાસંબંધીઓ સહિત ગામમાં શોકનુ મોજું ફરી વળ્યું હતું. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૃતકના ભાઈ દ્વારા કરતાં પોલીસે અકસ્માતનો ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.



# ટાટની પરીક્ષાનું પેપર લીક કરનાર સામે મોડાસામાં ફરિયાદ

## રાજ્ય પરીક્ષા બોર્ડે ગુજરાતી માધ્યમના બધાજ વિષયોની પરીક્ષા રદ કરી આગામી ટૂંક સમયમાં ફી લીધા વગર પરીક્ષા લેવાશે

મોડાસા, તા. ૧૦

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લેવાતી વિવિધ ક્ષેત્રની સરકારી નોકરીની લેખિત અને મૌખિક પરીક્ષામાં મસમોટા કૌભાંડ આચરવામાં આવતા હોવાના આક્ષેપ પરીક્ષાર્થીઓ છાસવારે કરતા હોય છે. માધ્યમિક શાળાના શિક્ષક બનવા માટે ટાટ પરીક્ષાનું પેપર ફૂટી ગયા પછી ટાટ પરીક્ષાના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર તરીકે અરવલ્લી જીલ્લાના શખ્સનું નામ બહાર આવતા રાજ્ય સરકારે અરવલ્લી જીલ્લા પોલીસવડાને તપાસ સોંપવામાં આવતા કેટલાક ઉમેદવારો સામે ઈન્કવાયરી શરુ થયાની વિગત મળી રહી હતી ત્યારે ગાંધીનગરના ધર્મેન્દ્રભાઈ રાઘવજી ભાઈ સરડવાએ મોરબીના રવાપર ગામના ભાવેશ ઉર્ફે ભાયલાલભાઈ શાંતિભાઈ સુળીયા નામના શખ્સ અને તપાસમાં મળી આવે તે મળતીયાઓ સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ટાટ નું પેપર વોટ્સઅપ મેસેજથી ફરતું કરી પેપર લીક કરી વિશ્વાસઘાત છેતરપિંડી ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલે સમગ્ર કેસની તપાસ જીલ્લા એલસીબી પીઆઈને સોંપવામાં આવતા આગામી સમયમાં ટાટ કૌભાંડ બહાર આવવાની અને કૌભાંડમાં મોટા માથાઓના નામ બહાર આવે તો નવાઈ નહિ.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૯ જુલાઈ ૨૦૧૮ના રોજ ટાટની ૧૨ વાગે પરીક્ષા શરુ થાય તેના થોડા કલાક પહેલા ૧૦.૨૫ વાગે મોબાઈલ પર ફરતું કરી કેટલાક શખ્સો દ્વારા પરીક્ષાર્થીઓને વોટ્સઅપ પર મોકલી આપી લાખ્ખો રૂપિયા ખંખેરી લીધા હતા. આ કૌભાંડનો ભોગ બનેલ મોરબી તાલુકાના બગથળા ગામના ધર્મેન્દ્રભાઈ રાઘવજીભાઈ સરડવા (હાલ રહે, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર) નામના શખ્સે ભાવેશભાઈ ઉર્ફે ભાયલાલભાઈ શાંતિભાઈ સુળીયા (રહે, રવાપર, મોરબી) તથા અન્ય શખ્સોએ આર્થિક લાભ ખાતર એકબીજાની મદદગારી કરી પૂર્વ ગુન્હાહિત કાવતરું રચી રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાયેલ ટાટ (શિક્ષક અભિરુચિ કસોટી)નું હિન્દી વિષય સેટ-૫ નું પ્રશ્ન પેપર ખાનગી એજન્સીએ છાપકામ દરમિયાન તેમજ ટ્રાન્સપોર્ટ થી સ્ટ્રોંગ રૂમ સ્થળ પર પહોંચ્યા સુધીના કોઈપણ સમયગાળા દરમિયાન લીક કરી પરીક્ષા શરુ થવાના સમય ૧૨ વાગ્યા પહેલાના ૧૦.૨૫ વાગે વોટ્સઅપ મેસેજથી ફરતું કરી પેપરલીક કરી વિશ્વાસઘાત છેતરપિંડી તથા ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે ઈપીકો કલમ ૪૦૯, ૪૨૦, ૪૦૬, ૧૨૦બી, ૨૦૧, ૧૧૪ તથા આઈટી એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા ટાઉનપોલીસ સ્ટેશનમાં ટાટ પરીક્ષા પેપર મોબાઈલમાં લીક થયાની ફરિયાદ નોંધાતા સાચા અને મહેનતી વિદ્યાર્થીઓની વ્યાપક હિતને ધ્યાનમાં રાખી. ગુજરાતી માધ્યમની બધા વિષયોની પરીક્ષા રદ જાહેર કરી દેવામાં આવી છે અને આગામી ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં ટાટની પરીક્ષા કોઈપણ પ્રકારની ફી લીધા વગર યોજાવાની જાહેરાત કરવામાં આવતા પરીક્ષાર્થીઓમાં આનંદ છવાયો હતો.

### ટાટ પેપરલીક કૌભાંડ બાદ પરીક્ષા રદ થતા કેટલાક વિદ્યાર્થીઓમાં આક્રોશ

ટાટની ગુજરાતી માધ્યમની તમામ વિષયોની પરીક્ષા મોબાઈલમાં પેપર લીક કરી કેટલાક લેભાગુ સખ્સોએ કૌભાંડ આચરતા પરીક્ષા રદ થતા હજ્જારો વિદ્યાર્થીઓના સમય અને નાણા વ્યર્થ જતા અને ફરીથી સમય અને નાણા બગાડવાની નોબત આવતા પરીક્ષા બોર્ડની ઘોર બેદરકારી સામે ભારે રોષ ફેલાયો હતો અને કૌભાંડમાં સંડોવાયેલા મગરમચ્છો છટકી ન જવા જોઈએની માંગ સાથે હાલમાં નોંધાયેલ ફરિયાદમાં આરોપી તો તળાવની નાની માછલી હોવાનું જણાવ્યું હતું.

